# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ. કૃ. યુ., દેવાતજ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ ની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ દ્વારા તા.૦૫.૦૬.૨૦૨૧ શનિવારના રોજ "વિશ્વ પર્યાવરણ દિવસ" ની ઓનલાઇન ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં ફોરેસ્ટ ખાતા માંથી રેન્જ ફોરેસ્ટ ઓફિસર વિરુબેન ગોરડીયા ઓનલાઇન જોડાયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. એ.સી. વૈદે પ્રસંગોચિત ઉદબોધન કર્યું. તેઓએ પર્યાવરણની વિશેષતા વિશે વાત કરી અને પર્યાવરણ જતન કરવાની સમજ આપી. તેવોએ પોત પોતાના જન્મદિવસ પર એક ઝાડ લગાવી તેનો ઉછેર કરવાનું આવહાન કર્યું. સરદાર સ્મૃતિ કેન્દ્ર, આ. કૃ. યુ. આણંદ ના ડો. મુકેશ પટેલે પણ પર્યાવરણ વિશે માર્ગદર્શન તેમજ ખેતરનાં શેડા પાડા પર વૃક્ષો લગાવાનું આવાહન કર્યું.

ત્યારબાદ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજના પશુપાલન ના વૈજ્ઞાનિક ડો. શ્રીકાંત કાટોલે દ્વારા પર્યાવરણું મહત્વ તેમજ નવા વૃક્ષો લગાવી તેની કાળજી વિશે ચર્ચા કરવામાં આવી. તેઓએ કોરોનાની મહામારીમાં ઔષધીય અને સુગંધિત પાકો વિશે પણ વાત કરી હતી. કેન્દ્રના પાક સંરક્ષણ વૈજ્ઞાનિક ડો. આર. એમ. પટેલે ટેરેસ ગાર્ડનીંગ વિષય પર ચર્ચા કરી. ફોરેસ્ટ ખાતા માંથી રેન્જ ફોરેસ્ટ ઓફિસર વિરુબેન ગોરડીયાએ ફોરેસ્ટ ખાતા ની ખેડૂતલક્ષી સહાય યોજનાઓ તેમજ વિવિધ ઉપક્રમો વિશે ચર્ચા કરી.

કાર્યક્રમ ઓનલાઈન પ્લેટફોર્મ ગુગલ મીટ પર કરવામાં આવ્યો હતો જેમાં આણંદ જિલ્લાનાં કુલ ૨૮ ખેડૂત ભાઈઓ તેમજ બહેનો જોડાયા હતા. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના ડો. શ્રીકાંત કાટોલે દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની અંતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કેવિકે ના પ્રોગ્રામ આસિસ્ટન્ટ (હોમ સાયન્સ) અંજલીબેન જાદવે સર્વે ખેડૂત ભાઇઓ તેમજ બહેનો તથા કાર્યક્રમમાં જોડાયેલ અધિકારીશ્રીઓનું અને કેવિકેના સ્ટાફનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ જાહેર કરી હતી.




